

# પરિષદવૃત્ત

**સંકલન : ભરત સાધુ**

## શ્રી કે. બી. વ્યાસ વ્યાખ્યાનમાળા

ગુજરાતી સાહિત્ય પરિષદ અને મહિલા મહાવિદ્યાલય, વડોદરાનાં સંયુક્ત ઉપક્રમે શ્રી કે. બી. વ્યાસ વ્યાખ્યાનમાળા અંતર્ગત તા. ૧૮-૧-૨૦૧૧ના રોજ ડૉ. ભગીરથ બ્રહ્મભટ્ટે 'ધ્વનિ અને ધ્વનિઘટક' વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું.

## શ્રી ઉમાશંકર જોશી જન્મશતાબ્દી નિમિત્તે કાર્યક્રમ

ગુજરાતી સાહિત્ય પરિષદ અને પ્રગતિ મિત્રમંડળ મુંબઈનાં સંયુક્ત ઉપક્રમે ઉમાશંકર જોશીના જીવનકવનને આવરતી નાટ્યાત્મક રજૂઆત અને કવિસંમેલનનું આયોજન તા. ૨૭-૩-૨૦૧૧નાં રોજ કાંદિવલી 'પંચેલિયા સભાગૃહ' ખાતે કરવામાં આવ્યું હતું. સ્વર્ણિમ ગુજરાતનાં સંયોજક શ્રી રાકેશ જોશીએ 'કળશ'નું સ્થાપન કર્યું હતું. પ્રતીક ગાંધીએ શ્રી ઉમાશંકરને આજના સંદર્ભમાં રજૂ કર્યા હતા. જહોની શાહે ઉમાશંકર જોશીની એક હાસ્યકૃતિનું પઠન કર્યું હતું અને કુ. અંતશ વૈદ્યે તેમના કાવ્યોને સુંદર અવાજે રજૂ કર્યા હતા. 'તો દોસ્ત હવે સંભળાવ ગઝલ'માં મૂકેશ જોશીના સંચાલનમાં હિતેન આનંદપરા તથા હેમેન શાહ અને પ્રગતિ મિત્ર મંડળનાં પ્રમુખ વસંત શાહે પોતાની ગઝળ રજૂ કરી હતી.

## 'પાક્ષિકી' અંતર્ગત 'નાટ્યપરિક્રમા'નો શુભારંભ

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત 'પાક્ષિકી' અને 'જશવંત ઠાકર મેમોરિયલ ફાઉન્ડેશન'ના સંયુક્ત ઉપક્રમે વિશ્વરંગભૂમિદિન ૨૭ માર્ચ, ૨૦૧૧ના રોજ નાટ્યવાંચન, નાટ્યતાલીમ, નાટ્યમંચન, નાટ્યવ્યાખ્યાનના વિવિધ કાર્યક્રમોનો આરંભ 'નાટ્યપરિક્રમા' શીર્ષકથી કરવામાં આવ્યો. આ કાર્યક્રમના પ્રથમ પડાવમાં 'વાચિકમ્' અંતર્ગત સાહિત્યનાં જાણીતા સ્ત્રી-પુરુષ પાત્રોના હૃદયમંથનને વાચા આપતી એકોક્તિઓ રજૂ થઈ હતી. કાર્યક્રમનાં ઉદ્‌ઘાટક તરીકે ગુજરાતી સાહિત્યના જાણીતા નાટ્યકાર અને વિવેચક ડૉ. સતીશ વ્યાસે પ્રસંગોચિત્ત વ્યાખ્યાનમાં આજે નાટક-એકાંકીની રચના અંતર્ગત અને ભજવણી અંતર્ગત ઊભી થયેલી ગંભીર પરિસ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે આજે નાટકો પ્રમાણમાં ઓછા લખાય છે. અને જે લખાય છે, તે ભજવાતાં નથી. આ ઉપરાંત તેમણે નાટ્યકાર અને અભિનેતા વચ્ચે એક સેતુ રચાય તેવાં પ્રયત્નો કરવાની વાત કરી હતી. કાર્યક્રમમાં 'વાચિકમ્' અંતર્ગત સાહિત્યનાં જાણીતા વિવિધ પાત્રો 'મંથરા' (ઉમાશંકર જોશી), 'મદિરા' (ચંદ્રવદન ચી. મહેતા), 'રાજુ' (પન્નાલાલ પટેલ), 'સંતુ રંગીલી' (મધુ રાય)ની એકોક્તિઓ રજૂ કરવામાં આવી હતી. રક્ષા નાયક, ભાવિની જાની, નિસર્ગ ત્રિવેદી, અભિનય બંકર, આરતી પટેલ, તરુણા દિક્ષિત,



હિરેન પટેલ, અદિતિ દેસાઈ, જિગર શાહ, અંકિત અરોરા (આર. જે.) ભાર્ગવ પુરોહિત, દેવકી (આર. જે.) તુષાર ત્રિપાઠી વગેરે કલાકારો દ્વારા આ એકોક્તિઓને સુંદર રીતે રજૂ કરવામાં આવી હતી. નાટકને અનુકૂળ રંગભૂમિ પણ હાથવગી વસ્તુઓથી વિના ખર્ચે તૈયાર કરવામાં આવી હતી. માત્ર સંવાદ દ્વારા પણ નાટકને માણી શકાય છે, તેનો અનુભવ સૌ શ્રોતાજનોએ કર્યો હતો. અહીં માત્ર આરોહઅવરોહ યુક્ત સંવાદો દ્વારા શ્રોતાઓનાં માનસ પર આ પાત્રો મંચસ્થ થયાં હતાં. અને સૌએ નાટકનાં નવરસોનું પાન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અદિતિ દેસાઈ અને રાજેન્દ્ર પટેલે કર્યું હતું. કાર્યક્રમને અંતે નીતિન વડગામાએ આભારવિધિ કરી હતી.

## 'નાટ્ય પરિક્રમા'

'નાટ્યપરિક્રમા'ના ઉપક્રમે તા. ૧-૪-૨૦૧૧ના રોજ ચં. ચી. મહેતા અને જશવંત ઠાકર વિશે દસ્તાવેજી ફિલ્મો દર્શાવવામાં આવી હતી. તેમજ જાણીતા અભિનેતા દર્શન જરીવાલાએ માતૃભાષાનાં સંવર્ધન અને ભાષાને બચાવવા માટે નાટક કેવી રીતે મદદરૂપ થાય તે અંગે ચર્ચા કરી હતી. તા. ૮-૪-૨૦૧૧ના રોજ જાણીતા અભિનેત્રી રત્ના પાઠકે પોતાની માતા દિના પાઠક અને પોતાના રંગભૂમિ અને ફિલ્મ અંગેનાં અનુભવો રજૂ કર્યા હતા. રત્ના પાઠકે રંગભૂમિને પોતાનો પ્રથમ પ્રેમ જગાવ્યો હતો. કાર્યક્રમનાં ભૂમિકારૂપ વ્યાખ્યાન રાજેન્દ્ર પટેલે આપ્યા હતા. તથા ગુજરાતી સાહિત્ય પરિષદ અને જશવંત ઠાકર મેમોરિયલ ફાઉન્ડેશનનો સંસ્થાનો પરિચય અદિતિ દેસાઈએ આપ્યો હતો. આ કાર્યક્રમનો શ્રોતાઓનો સારો એવો પ્રતિસાદ મળી રહ્યો છે. તેનો અનુભવ શ્રોતાઓથી ભરેલા ખંડ દ્વારા મળી રહ્યો હતો.

## સાહિત્યસિદ્ધાંત શ્રેણીમાં ડૉ. મધુસૂદન બક્ષી

પૂર્વ અને પશ્ચિમના સાહિત્યવિચારની તુલનાત્મક ચર્ચા થાય તેમજ નૂતનપ્રવાહોની જાણકારી મળે તે હેતુસર ૭મી એપ્રિલ, ૨૦૧૧ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત શ્રી ક. લા. સ્વાધ્યાયમંદિર અંતર્ગત 'સાહિત્યસિદ્ધાંત' વ્યાખ્યાનશ્રેણીનું નવમું વ્યાખ્યાન આયોજીત કરાયું હતું. જેમાં ડૉ. મધુસૂદન બક્ષીએ 'ભેદ વિચાર : રામાનુજાચાર્ય અને દેરિદા' વિષય પર વક્તવ્ય રજૂ કર્યું હતું. રામાનુજાચાર્ય અને દેરિદામાં ભેદવિચારની સ્પષ્ટતા આપતા પહેલા ડૉ. બક્ષીએ 'ભેદવિચાર'ની વિભાવના સુપેરે ચર્ચી. ભાષાવિચારની સૃષ્ટિ ભેદવિચાર વગર શક્ય છે જ નહિ. વળી, અર્થઘટન અને તાત્ત્વિક વિચારણામાં ભેદવિચારની સ્પષ્ટતા આપ્યા બાદ તેમણે રામાનુજાચાર્ય અને દેરિદામાં ભેદવિચારની ચર્ચા કરી હતી. 'ભેદવિચાર' ભાષાથી પર છે' આ વાક્યને ડૉ. મધુસૂદન બક્ષીએ માર્મિક રીતે રજૂ કરી આપ્યું. આ વ્યાખ્યાનશ્રેણીમાં શ્રોતાગણોએ હોંશે હોંશે ભાગ લીધો હતો, તેમ કહીએ તો અતિશયોક્તિ નથી. વળી, વ્યાખ્યાનના અંતે શ્રી ચંદ્રકાન્ત ટોપીવાળા અને અચિંતા યાજ્ઞિકનો ડૉ. મધુસૂદન બક્ષી સાથેનો સંવાદ પણ અર્થપૂર્ણ રહ્યો.

**– વિભા ત્રિવેદી**

## શ્રીમતી સુધાબહેન દેસાઈ વ્યાખ્યાનમાળા

ગુજરાતી સાહિત્ય પરિષદ અને પ્રેમાનંદ સાહિત્યસભાના સંયુક્ત ઉપક્રમે શ્રીમતી સુધાબહેન દેસાઈ વ્યાખ્યાનમાળા અંતર્ગત 'ગુજરાતી નાટક અને ભવાઈ' વિશે પ્રવીણ પંડ્યાએ વક્તવ્ય આપ્યું હતું. તેમણે 'ટાંચાં સાધનોથી ભજવાયેલાં તત્ત્વ-સત્ત્વશીલ સફળ પ્રયોગો આપણી સાચી નાટ્યસમૃદ્ધિ છે' એ વિધાન સાથે ગુજરાતી નાટ્ય અને ભવાઈનાં કલાસ્વરૂપના વિવિધ પાસાંઓનું મહત્ત્વ જણાવતાં પ્રવીણ પંડ્યાએ કહ્યું કે, ભારતીય સંસ્કૃતિ, સંસ્કૃત સાહિત્ય અને લોકનાટ્યમાંથી ગુજરાતી નાટક અને ભવાઈનો સ્રોત વહે છે. આ પ્રસંગે પ્રેમાનંદ સાહિત્ય સભાના મંત્રીશ્રી ડૉ. વિરંચિ ત્રિવેદીએ વક્તાશ્રી પ્રવીણ પંડ્યાનો નાટ્યકર્મી અને નાટ્યમર્મી તરીકે વિશેષ પરિચય આપ્યો હતો. વક્તવ્યના અંતે ડૉ. મહેશ ચંપકલાલે તેમજ ડૉ. લવકુમાર દેસાઈએ પ્રતિભાવમાં નાટ્યના તથ્ય, સત્યના મુદ્દાઓ પ્રતિ શ્રોતાઓનું વિશેષ ધ્યાન દોર્યું હતું.

**– વિરંચિ ત્રિવેદી**

r